ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ ના અમલીકરણ માટે નામ. સુપ્રિમકોર્ટના આદેશો અન્વયેની સૂચનાઓ.

**ગુજરાત સરકાર**
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: બમશ/ ૧૧૧૮/૧૫૭/છ
તા. ૦૧.૦૩.૨૦૧૮.

**<u>પરિપત્ર</u>** :-

રાજ્ય સરકારે, ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ,૨૦૧૭ અને તે હેઠળ બનાવેલા નિયમો સને ૨૦૧૭-૧૮ના શૈક્ષણિક વર્ષથી અમલી બનેલ છે. આ કાયદા અને નિયમોની વૈધાનિકતાની બાબતને રાજ્યની કેટલીક શાળાઓ દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવેલ. નામ. ગુજરાત હાઈકોર્ટમાં સબંધીત પક્ષકારોની રજૂઆત અને સુનાવણીના અંતે તા. ૨૭.૧૨.૨૦૧૮ના ચૂકાદાથી અધિનિયમ અને નિયમોની વૈધાનિકતા યથાર્થ ઠરાવેલ /માન્ય રાખેલ છે. નામ. હાઈકોર્ટના સદરહું ચૂકાદાને શાળાઓ દ્વારા નામ. સુપ્રિમ કોર્ટમાં પડકારવામાં આવેલ. નામ. સુપ્રિમ કોર્ટમાં થયેલ સુનાવણી અન્વયે, તા.૦૧. ૦૨. ૨૦૧૮ના વચગાળાના હુકમથી બન્ને પક્ષકારોને કેટલાક આદેશો આપવામાં આવેલ છે. તા. ૦૧. ૦૨. ૨૦૧૮ના નામ. સુપ્રિમ કોર્ટના હુકમના અમલીકરણમાં કેટલીક મુશ્કેલીઓ જણાતા, રાજ્ય સરકારે ઈન્ટરલોક્યુટરી એપ્લિકેશન દાખલ કરી જરૂરી માર્ગદર્શન માંગેલ. નામ. સુપ્રિમકોર્ટે તા.૧૯.૦૨.૨૦૧૮ના હુકમથી જરૂરી માર્ગદર્શન /આદેશો આપેલ છે.

રાજ્ય સરકારે, કાયદાની કલમ -૯ નીચેની મુક્તિ મર્યાદા (Exemption Limit) સુચવવા શિક્ષણ વિભાગના તા.૦૩.૦૨.૨૦૧૮ના ઠરાવથી, અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરી સબંધીત પક્ષકારોની રજૂઆતો મેળવીને તે આધારે મુક્તિ મર્યાદા (Exemption Limit) ની ભલામણ કરવા જણાવેલ. સદરહું સમિતિએ કરેલ ભલામણના અનુસંધાને રાજ્ય સરકારે પુખ્તવિચારણા કરીને શિક્ષણ વિભાગના તા.૨૮.૦૨.૨૦૧૮ના જાહેરનામાથી મુક્તિ મર્યાદા(Exemption Limit) જાહેર કરેલ છે.

નામ. સુપ્રિમ કોર્ટના તા.૦૧.૦૨.૨૦૧૮ અને તા.૧૯.૦૨.૨૦૧૮ના આદેશો તેમજ, આ વિભાગના તા.૨૮.૦૨.૨૦૧૮ ના જાહેરનામાના અનુસંધાને સુપ્રિમ કોર્ટના આદેશોના-અમલીકરણ અને પાલન અર્થે નીચે મુજબ કાર્યવાહી સબંધીત શાળાઓ તેમજ ફી નિયમન સમિતિ અને ફી રિવિઝન સમિતિએ હાથ ધરવાની રહેશે.

૧. રાજ્ય સરકારે કાયદાની કલમ ૯ હેઠળ મુક્તિ મર્યાદા (Exemption Limit) નક્કી કરવાનું જાહેરનામું તા.૨૮.૨.૨૦૧૮ના રોજ બહાર પાડેલ છે. જેની વિગતે હવેથી પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓ માટે વાર્ષિક ફી રૂ. ૧૫,૦૦૦/-, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક (સામાન્ય પ્રવાહ) શાળાઓ માટે રૂ. ૨૫,૦૦૦/- અને ઉચ્ચત્તર માધ્યમિક (વિજ્ઞાન પ્રવાહ ) શાળાઓ માટે રૂ. ૩૦,૦૦૦/- મુક્તિ મર્યાદા રાખવા નિર્ણય કરેલ છે.

૨ (અ) તા.૨૮/૦૨/૨૦૧૮ના જાહેરનામાથી કાયદાની કલમ-૯ હેઠળ જાહેર કરેલ મુક્તિ મર્યાદા(Exemption Limit)ની તારીખથી બે અઠવાડિયામાં એટલે કે, તા.૧૪.૩.૨૦૧૮ સુધીમાં પક્ષકાર શાળાઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ અને વર્ષ ૨૦૧૮-૧૯ માટે ફી નિર્ધારણ માટે ની દરખાસ્ત હિસાબો સહિત (ફોર્મ-૨માં) અથવા એફીડેવીટ(ફોર્મ-૪માં) સંબંધિત ઝોનલ ફી નિયમન સમિતિ સમક્ષ રજૂ કરવાની રહેશે.

(બ) જો કે, જે શાળાઓએ વર્ષ ૨૦૧૭-૧૮ની ફી નિર્ધારણ માટે સંબંધિત સમિતિને દરખાસ્ત કરેલ હોય અને તે અન્વયે સમિતિ દ્વારા હુકમ થયેલ હોય કે પડતર હોય તેવી શાળાઓએ પુન: દરખાસ્ત કરવાની રહેશે નહિ.

(ક) જે શાળાઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માટે એફીડેવીટ કરવાની થતી હોય તે શાળાઓએ એફીડેવીટમાં અગાઉના બે શૈક્ષણિક વર્ષની એટલેકે, વર્ષ ૨૦૧૬-૧૭ અને વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષની ફી તથા વર્ષ ૨૦૧૮-૧૯માં લેવા ધારેલ ફીનો ઉલ્લેખ ફોર્મ ૪માં કરવાનો રહેશે.

(ડ) વધુમાં એ સ્પષ્ટ કરવાનું કે, મુક્તિ માટે જે તે શાળાએ દર વર્ષે ફી નિયમન સમિતિને એફીડેવીટ(ફોર્મ -૪માં) રજૂ કરવાની રહેશે.

૨. ઉપર મુદા-૧ માં દર્શાવેલ શાળાઓ તરફથી આવી દરખાસ્ત મળ્યેથી, ફી નિયમન સમિતિએ બે અઠવાડિયામાં પ્રોવીઝનલ ફી(Provisional fee) ની જાણ શાળાને કરવાની રહેશે. જેને શાળાએ વેબસાઇટ/નોટિસબોર્ડ ઉપર મૂકવાની રહેશે.

૩. ફી નિયમન સમિતિએ જાહેર કરેલી પ્રોવીઝનલ ફી(Provisional fee) સામે શાળાને, જો કોઇ, વાંધો હોય તો, હુકમની તારીખથી શાળા એક અઠવાડિયામાં ફી નિયમન સમિતિ સમક્ષ રજૂઆત કરી શકશે.

૪. શાળા તરફથી આવો કોઇ વાંધો રજૂ થયેથી, ફી નિયમન સમિતિએ ચાર અઠવાડિયામાં આખરી ફી નક્કી કરવાની રહેશે.

૫. ફી નિયમન સમિતિના હુકમ સામે જો શાળા અપીલ કરવા ઇચ્છતી હોય તો, કાયદાની કલમ ૧૨(૩)ની જોગવાઇ હેઠળ, દિન-૨૧માં ફી સુધારણા સમિતિ સમક્ષ અપીલ કરી શકશે.

૬. શાળા તરફથી અપીલ થયે, ફી સુધારણા સમિતિએ આવી અપીલ મળ્યેથી ત્રીસ દિવસમાં તેની વિચારણા કરી પોતાનો નિર્ણય જાહેર કરવાનો રહેશે.

૭. આખરી ફી નિર્ધારણ (final fee fixation)નો અમલ નામ. સુપ્રિમકોર્ટના વધુ હુકમો સિવાય કરી શકાશે નહિ.

૮. દરમિયાનમાં, શાળાઓ માત્ર કામચલાઉ ધોરણે ફી જાહેર કરી શકશે.

આ સુચનાઓ નામ.સુપ્રિમ કોર્ટના આદેશોના સંદર્ભમાં હોવાથી તેનું સમય મર્યાદામાં પાલન કરવા સંબંધિતોને આથી સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(અજય ભટ્ટ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

૧. કોઓર્ડિનેટરશ્રી , ફી નિયમન સમિતિ, અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત.

૨. સભ્ય સચિવશ્રીઓ, ફી રીવીઝન સમિતિ, એસટીટીઆઇ બિલ્ડીંગ, જીસીઇઆરટી કેમ્પસ, ગાંધીનગર.

૩. સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.

નકલ રવાના :-

૧. માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

૨. માન.મંત્રીશ્રી (શિક્ષણ) રા.ક. ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

૩. અગ્રસચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૪. અગ્રસચિવશ્રી (ઉ.શિ. અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૫. વિભાગના સર્વે નાયબ સચિવશ્રીઓ.

૬. નિયામકશ્રી, શાળાઓની કચેરી, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૭. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૭. સચિવશ્રી, ગુજરાત મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડની કચેરી, ગાંધીનગર.

૮. વિભાગની સર્વે શાખાઓ.

૯. સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવા અંગે,

૯. સિલેક્ટ ફાઇલ.